MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

# ધોડિયા આદિવાસી સમાજના લોકનૃત્યો

ડૉ. વૃંદા કાંતિભાઈ પટેલ
EMAIL : vrundapatel2109@gmail.com

**સારાંશ**

ધોડિયા આદિવાસી જ્ઞાતિમાં નૃત્યનું અલગ જ મહત્ત્વ છે. તેમના સમાજમાં નાના-મોટા પ્રસંગોમાં નૃત્ય થાય છે. આ સમાજના મુખ્યત્વે બે નૃત્ય છે. તેઓ લગ્ન પ્રસંગ, તહેવાર કે પછી કોઈનું મૃત્યુ થાય ત્યારે પણ નૃત્ય કરતાં હોય છે. આજની ખૂબ જ વ્યસ્ત એવી જીવનશૈલીમાં પણ ધોડિયા જ્ઞાતિના લોકોના જીવનમાં નૃત્યનું કેટલું મહત્વ છે, તે અહીં સ્પષ્ટ જોઈ શકાય છે.

**ચાવીરૂપ શબ્દો:** *ધોડિયા આદિવાસી સમાજના લોકનૃત્યો*

લોકનૃત્યએ ભારત દેશની સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે. નૃત્યના ઉદભવ વિશે કહેવાય છે કે જ્યારથી પૃથ્વી પર માનવીનો જન્મ થયો ત્યારથી નૃત્યનો પણ જન્મ થયો છે. પ્રાચીન સમયમાં આદિમાનવી ખોરાક મેળવવા માટે જંગલમાં રખડતો અને ખાવાનું મેળવતો હતો અંતે તે થાકી જતો હતો અને ત્યારે મનોરંજન માટે તેની પાસે કોઈ પ્રકારનું સાધન નહીં, તેથી તે થાક ઉતારવા માટે તેના હાથ-પગને અલગ-અલગ રીતે હલાવતો અને તેવી રીતે તે આનંદ મેળવતો હતો તથા તેમાંથી નૃત્યનો ઉદભવ થયો.

ભારતમાં જુદા જુદા પ્રદેશોમાં ધાર્મિક વિધિ અનુસાર તથા અલગ-અલગ ઋતુઓમાં ખેતરમાં નવો પાક સારી રીતે થાય તેની ખુશી પ્રગટ કરતાં નૃત્ય થાય છે. આમ, ભિન્ન ભિન્ન પ્રકારનાં નૃત્યો થાય છે. આદિવાસી સમાજના લોકોનું જીવન ખૂબ જ શ્રમવાળું હોય છે. તેઓને પણ તેમના જીવનમાં આરામ તથા પરિવર્તનની જરૂર હોય છે. તેથી કામનો થાક ઓછો કરવા કે તહેવારમાં ભેગા થયા હોય ત્યારે તેઓ નૃત્યનો આનંદ લે છે.

આદિવાસી સમાજના નૃત્યો પ્રકૃતિ સાથે સંબંધ ધરાવે છે. પ્રાકૃતિક સ્થિતિ, પશુપંખીની સાહજિક વૃત્તિ જોડે તેમનાં નૃત્યો સંકળાયેલા છે. કબૂતરનું ડોલવું, પતંગિયાનું ઉડવું, મોરનું કળા કરવું, પાણીમાં માછલીનું તરવું તથા કૂદવું, કૂતરાની જેમ અંગોને સંકેલીને તાકાત બતાવવી વગેરેનો આદિવાસી લોકનૃત્યમાં પ્રભાવ જોવા મળતો હોય છે.

આદિવાસી સમુદાયમાં નૃત્યના ઘણા પ્રકારો વિકસેલા છે. તે સમુદાયમાં લોકબોલી, આભૂષણ, પહેરવેશ, કલાકૌશલ્યમાં ભિન્નતા જોવા મળે છે તેવી જ રીતે લોકનૃત્યોમાં ભિન્નતા જોવા મળે છે. તેમનાં લોકનૃત્યો હંમેશા

ગોળાકાર, અર્ધગોળાકાર કે ક્યાંક બે અથવા એકની જોડમાં સ્ત્રી-પુરુષો જોડમાં અથવા તો અલગ-અલગ નૃત્ય કરે છે. નૃત્યો હંમેશા વાદ્ય જોડે જ રમાતા હોય છે. નૃત્યમાં લય, તાલ, તથા સંગીત આ ત્રણના સંગમથી શરીરના અંગોની જુદી જુદી ચેષ્ટાઓ થાય છે. આ કારણથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ નૃત્યને 'ચાળો' તરીકે ઓળખે છે. પગની ચેષ્ટાએ નૃત્યનું મુખ્ય અંગ મનાય છે. આદિવાસી સમાજના નૃત્યોમાં સૌથી વધુ પગની ચેષ્ટાઓના ચાળા જ થાય છે.

ગુજરાતની બીજી આદિવાસી જ્ઞાતિઓ કરતાં ધોડિયા જ્ઞાતિના લોકો પાસેથી નૃત્યો વધારે મળતાં નથી, છતાં તેમની સંસ્કૃતિમાં નૃત્યને અગ્ર સ્થાન આપ્યું છે. તેમના દરેક ધાર્મિક કે લગ્નપ્રસંગમાં નૃત્ય થાય જ છે. 'તૂરનૃત્ય' અને 'ઘેરનૃત્ય' ધાર્મિક તથા સામાજિક પ્રસંગમાં અને દરેક તહેવારોમાં ચોક્કસ થાય છે. તેથી તે નૃત્યને તે સમાજમાં મુખ્ય નૃત્ય તરીકે સ્થાન મળેલ છે.

**૧. ઘેર નૃત્ય / ઘોરિયા નૃત્ય :**

ધોડિયા સમાજના લોકો ઘેર નૃત્યને 'ઘોરિયા' પણ કહે છે. આ ઘોરનો અર્થ રણકો થાય છે. આ નૃત્ય હંમેશા સમૂહમાં જ થાય છે. તે નૃત્ય કરે ત્યારે ધોડિયા ભાષાની જગ્યાએ ગુજરાતીમાં ગીત ગવાય છે. તેથી ગુજરાતીકરણનો પ્રભાવ પડ્યો છે એમ કહી શકાય. ઘેર નૃત્ય પુરુષો જ કરે, તેમાં સ્ત્રીઓ ભાગ લેતી નથી. આ નૃત્ય પુરુષો બે ની જોડમાં દાંડિયા વડે અને ગોળાકારમાં રમે છે.

ઘેર નૃત્યમાં મંજીરા, છત્રી, મોરની પીંછી વગેરે લોકોનું ધ્યાન કેંદ્રિત કરે છે. દિવાળીના તહેવાર સુધી ધોડિયા સમુદાયના લોકો કામ પૂર્ણ કરીને નવા વર્ષને વધાવવા તથા દેવોને રિઝવવા માટે આ નૃત્ય કરે છે. ઘેર નૃત્યમાં જે એક વ્યક્તિ બીજા બધા વ્યક્તિને ગીત ગવડાવતો હોય તેને 'કવિયો' કહેવામાં આવે છે. આવા કવિયા બે હોય છે. જે ગીત ગવડાવતો હોય તે કુંડાળામાં રહે છે. જે બીજો હોય તે કુંડાળાની બહાર રહે છે. તેઓ માથે સફેદ રંગની ટોપી અથવા ફેંટો બાંધે છે. તેના હાથમાં દાંડિયા ના હોય પણ મોરના પીંછાનો જુડો (કુંચારી) હોય. જે બીજો કવિયો હોય છે, તે નૃત્ય રમતાં હોય તે લોકોને મોરનો જુડો ધીમે ધીમે મારીને તેમનો ઉત્સાહ વધારતો હોય છે.

જે પુરુષો ગોળ આકારમાં ઘેર નૃત્ય રમતા હોય તે ખેલેયાને 'ખેરાં' કહેવાય છે. તેમનો પોશાક ધોતિયું, ગંજી, ગળામાં ફૂલની માળા, હાથમાં કંકુ, આંખમાં મેશ, માથે પાઘડી વગેરે પહેરે છે. આ નૃત્યનું મુખ્ય સાધન તો દાંડિયા જ છે. તેથી તે તૂટે નહીં તેવા અને સુંદર બનાવામાં આવે છે, કારણકે વૃક્ષની લાકડીઓમાંથી અવાજ સારો સંભળાય છે. ઘેરૈયા નૃત્ય કરવા માટે ગામના દરેકના ઘરે જાય ત્યારે તેમને ત્યાં વધાવામાં આવે છે. ઘરની સ્ત્રી તેમને કંકુનો ચાંદલો કરે છે, ત્યારે કવિયો વધાવવાનું ગીત ગવડાવે છે.

"વેગો તો બેની ઉતાવળ રે અમે ઘણા છે ઘરના પરોણા રે......"

ઘેરૈયા અંતે ગામની પાદરે કે મંદિરના આંગણામાં ઘેર છોડે અને ત્યાં સૌ દાંડિયા ગામની મંડળીને સોંપી દેતા હોય છે.



**૨. તૂર નૃત્ય :**

નૃત્ય એક એવી કલા છે કે જે લોકસંસ્કૃતિને ઉજાગર કરી આપે છે. દુનિયામાં ભિન્ન ભિન્ન સંસ્કૃતિમાં વિવિધ લોકનૃત્યો જોવા મળે છે. ‘તૂર નૃત્ય’ આદિવાસી ધોડિયા જ્ઞાતિના લોકોનું નૃત્ય છે, તે ખૂબ જ પ્રસિદ્ધ પામેલ નૃત્ય છે. આ નૃત્યના વાદ્યો કાંસાની થાળી અને લાકડી તથા તૂર છે. તૂર ચામડામાંથી બનાવવામાં આવે છે. તેને બંને છેડે દોરી બાંધવામાં આવે છે, જેથી કરીને તે ગળામાં ભેરવીને વગાડી શકાય. તૂરની બંને બાજુથી અલગ-અલગ અવાજ આવે છે. જેમકે એક બાજુથી પહાડી અને બીજી બાજુથી ઝીણો અવાજ આવે છે, આની પાછળનું કારણ ભેંણ છે. ‘ભેંણ’ એટલે ડાંગરની પૂળી સળગાવવામાં આવે અને ભાતને બાફવામાં આવેલા હોય તેને ભેળવીને તૂરની બંને બાજુ લગાવે છે. જે વ્યકિત તૂર વગાડે તેને તૂરિયો તથા થાળી વગાડે તેને થાળિયો કહે છે.

તૂર નૃત્યમાં એક વ્યક્તિ તૂર વગાડે અને બીજો થાળી વગાડે, આ બન્નેની હાજરી હોવી જરૂરી છે. તેમનાથી તો નૃત્ય લાંબો સમય ચાલી શકે છે. આ તૂર અલગ અલગ તાલમાં વગાડવામાં આવે છે. તાલને ધોડિયા લોકો ‘ચાળો’ના નામથી ઓળખે છે. જૂના વખતમાં આ નૃત્ય પુરુષ અને સ્ત્રી કરતાં હતાં, પણ હાલમાં પુરુષો એકલા અથવા સ્ત્રીઓ એકલી નૃત્ય કરતી જોવા મળે છે. જે નૃત્ય કરે તે લોકો એકબીજાની કમર પકડીને લાંબી કતારમાં રહીને તૂરના તાલ પર પગને જુદી જુદી રીતે વાળીને તથા કમરને લચક આપીને નૃત્ય કરે છે.



**ચાળો :**

ચાળો એટલે શરીરના હાવભાવ તથા જુદી જુદી અંગચેષ્ટાઓ. ધોડિયા સમુદાયના લોકો જુદા જુદા તાલને ચાળો કહે છે. આ ચાળા પણ અલગ અલગ છે, જેવા કે ચાલતો ચાળો, ભગતાયો ચાળો, ધુંટણિયો ચાળો, દોડતો ચાળો, પટેલ ચાળો, અશુભ ચાળો, લગ્નનો ચાળો વગેરે છે.

ધુંટણિયો ચાળો :

ધુંટણિયો ચાળો કરનાર વ્યક્તિ તેના ધુંટણ પર ઊભા રહીને નાચતો હોય છે. તેથી ધુંટણિયો ચાળો કહેવાય છે.



**ભગતાયો ચાળો :**

નૃત્ય કરતાં પુરુષો વચ્ચે ભગત પણ નૃત્ય કરવા જતો રહે ત્યારે તેને ભગતાયો ચાળો કહેવાય, આ ચાળો ધાર્મિક પ્રસંગમાં કરવામાં આવે છે.

અશુભ ચાળો :

અશુભ ચાળો કોઈના મૃત્યુ વખતે કરવામાં આવે છે. આ ચાળા લગ્નના ચાળા કરતાં ભિન્ન છે. જે તૂર વગાડતો હોય તેના ચાળા પ્રમાણે સૌ કોને જાણ થતી હોય કે ક્યાંક કોઈનું મૃત્યુ થયું છે. પહેલા જ્યારે ફોનની સુવિધા ન હતી ત્યારે આ તૂર અને થાળી સંદેશા પહોંચાડવા માટે મદદરૂપ થતા હતા. મૃત્યુની દરેક વિધિ મુજબ અલગ-અલગ ચાળા થતાં હોય છે. એવી કેટલીય વિધિમાં તૂરીયો જ મુખ્ય હોય છે.

લગ્નનો ચાળો :

જેના ઘરે લગ્ન હોય ત્યાં તૂર વગાડવા બોલાવે છે. તે સૌ ત્યાં જાય ત્યારે તેમને કંકુ ચોખાનો ચાંલ્લો કરી તેમનું સ્વાગત કરે છે. લગ્નના આગલા દિવસે એટલે મંડપના દિવસે તૂર નૃત્યનો લોકો આનંદ લૂંટતા હોય છે.

આમ, ધોડિયા સમાજનું તૂર નૃત્ય એક વિશિષ્ટ નૃત્ય તરીકે ઓળખાય છે.

ચાવીરૂપ શબ્દો :

વાદ્ય - વાજિંત્ર

ચાળો - શરીરના હાવભાવ તથા જુદી જુદી અંગચેષ્ટા

ઘોરિયા - રણકો

જુડો - ગુચ્છો (મોરનાં પીછાંને બાંધીને કલગી જેવું બનાવવામાં આવે)

ખેરાં - નૃત્ય રમતાં પુરુષોને સંબોધવા માટે આવતો શબ્દ

તૂર - ઢોલ જેવા આકારનું

તાલ - વાજિંત્રના અવાજ સાથે નાચવામાં આવે

ભેંણ - કાજળ જેવું કાળું હોય

ભગત - ભૂવો

**સંદર્ભગ્રંથો :**

૧) ધોડિયા સમાજની લોકવિદ્યા-લોકસંસ્કૃતિ અને મૌખિક પરંપરા સંદર્ભે - એક અભ્યાસ, ડૉ. મોહનભાઈ બી પટેલ

૨) ધોડિયા જાતિ : બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ સંશોધક - મંછારામ નારણદાસ પટેલ

૩) ધોડિયા સમાજના રીત-રિવાજ અને રૂઢિ પરંપરાઓ, સંપાદક - ડૉ. એ. જી. પટેલ

Certificate No.:03052025010


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ. વૃંદા કાંતિભાઈ પટેલ**

In recognition of the publication of the paper entitled

**ધોડિયા આદિવાસી સમાજના લોકનૃત્યો**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**